ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૧-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાહુલ ગાંધીનો નવો ચહેરો : ઇમાનદારીપૂર્વક દેશ માટે કંઇ કરી છૂટવાની મથામણ

જયપુરની ચિંતન શિબિરની ફળશ્રુતિ સ્વરૂપે રાહુલ ગાંધી હવે ખુલ્લેઆમ રાષ્ટ્રીય નેતા તરીકે ઉપસી આવ્યા છે. બેંતાળીસ વર્ષના કુંવારા યુવરાજમાં કાકા સંજય ગાંધી જેવી ઉચ્છૃંખલતા કે ઉદ્દંડતા નથી તેમ એમના પિતા રાજીવ ગાંધી જેવું ભોળપણ પણ નથી. આઠ વરસ સુધી એમણે દેશનાં 'નંબર વન' રાજદ્વારી પરિવારના નબીરા તરીકે રાજકારણને બહુ નજીકથી નિહાળ્યું છે, એની ખૂબીઓ અને ખામીઓથી એ સુપરિચિત છે, એમને 'નેતા' બની જવાની કોઇ ઉતાવળ નહોતી, નહીંતર વડાપ્રધાન મનમોહનસિંહ સહિત કોંગ્રેસના તમામ આગેવાનોને વારંવાર એમના માટે પદ ખાલી કરવાની તૈયારી દર્શાવી જ હતી. વર્તમાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પણ રાહુલ ગાંધીમાં રાષ્ટ્રની ધુરા સંભાળવાની ક્ષમતા નિહાળી હતી અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં મનમોહનસિંહના અનુગામી તરીકે ચર્ચાતા રહેલા પી. ચિદંબરમ જેવા વરિષ્ઠ નેતાએ પણ રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ દેશ આગળ વધશે, એવાં નિવેદનો કર્યાં હતા. એ જુદી વાત છે કે બિહાર, ઉત્તર પ્રદેશ કે ગુજરાત જેવાં મહત્ત્વનાં રાજયોમાં ચૂંટણી પ્રવાસ કર્યા છતાં રાહુલ ગાંધી મહત્ત્વપૂર્ણ કે નોંધપાત્ર કહી શકાય એવી કોઇ સફળતા હાંસલ નહોતા કરી શક્યા. સતત ઝૂઝતા રહેવું એ સાચા લડવૈયાનું લક્ષણ છે. રાહુલ ગાંધી અનેક નિષ્ફળતાઓ વચ્ચે પણ આમ ઝઝૂમતા રહ્યાં છે. કોંગ્રેસ પાસે રાહુલ ગાંધીથી વધારે પ્રભાવક કે અસરકારક અને બિનવિવાદાસ્પદ ચહેરો નથી. સોનિયા ગાંધીએ પહેલીવાર ડૉ. મનમોહનસિંહને આગળ ધર્યા ત્યારે જ મનોમન ગાંઠ વાળી હતી કે આ દેશ પોતાને વડાપ્રધાન તરીકે સ્વીકારવાનો નથી. રાહુલ ગાંધીએ એ પદ માટે કોંગ્રેસના કુશળ મહારથીઓના માર્ગદર્શન હેઠળ પૂરતી તાલીમ લીધી છે. રાષ્ટ્રીય સમસ્યાઓનો એમણે ઊંડાણથી અભ્યાસ કર્યો છે અને બીજા કોઇ પણ સંભવિત હરીફ કરતાં એમનો આંતરરાષ્ટ્રીય સ્તરે સવિશેષ સ્વીકાર થશે, એવી આત્મપ્રતીતિ તો એમને નહેરૂ-ગાંધી વંશના નબીરા તરીકે ગળથૂથીમાં જ મેળવી છે. પરંતુ આટલી બધી અનુકૂળતાઓ છતાં રાહુલ ગાંધીએ કોંગ્રેસના અધ્યક્ષ કે કાર્યકારી અધ્યક્ષ પદને બદલે જરા ઊતરતું એવું ઉપાધ્યક્ષ પદ સ્વીકારીને એમની વિનમ્રતા અને વિનયશીલતાનો જ પરિચય આપ્યો છે. જયપુર ચિંતન શિબિરના અંતિમ ચરણમાં મનનીય પ્રવચન આપીને એમણે કાર્યકર્તાને અને દેશની પ્રજાને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રસેવામાં સમર્પિત થવાની જાહેરાત કરી છે. કોંગેસના ભવ્ય ઐતિહાસિક વારસાને સંભારીને એમણે રાજયદીઠ ઉત્તમ નેતાઓ તૈયાર કરવાનો વિચાર વહેતો મૂકી લોકશાહી મજબૂત કરવાની વાત કરી છે, જે પરિવારવાદથી મૂઠી ઊંચેરી બાબત ગણાય. એમણે કોંગ્રેસ પક્ષને જ એક રાષ્ટ્રીય પરિવાર તરીકે ઓળખવવાનો પ્રચાર કર્યો છે. માતા સોનિયા ગાંધીએ આગલી રાતે પુત્રના પદારોહણ નિમિત્તે ધ્રૂસકે ધ્રૂસકે રડી લઇ જે હળવાશ અનુભવી, એ વાતનો ઉલ્લેખ કરીને એમણે દાદીમા અને પિતાના બલિદાનની છાયામાં પોતે કોંગ્રેસનું નેતૃત્વ સંભાળવા સજ્જ થયા હોવાનો સંકેત આપી કાર્યકરોનાં દિલ જીતી લીધાં છે.

## કરકથળ ગામે ગીતા રહસ્ય પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાશે

વિરમગામ તાલુકાના કરકથળ ગામે તા. ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ને શનિવારે બપોરે ૩ કલાકે નાગરભાઈ કાનજીભાઈ દવે રચિત 'ગીતા રહસ્ય' પુસ્તકનો વિમોચન વિધિ કાર્યક્રમ યોજાશે. 'ગીતા રહસ્ય' પુસ્તકના વિમોચન કાર્યક્રમ પ્રસંગે સ્વામી તેજાનંદ મંદિરના મહંત દયારામ શુકલ, કૌકાના જયંતિપ્રસાદ શુક્લા ખાસ ઉપસ્થિત રહી પુસ્તક વિમોચન કરશે.

# પક્ષીઓ માટે ઘાતકરૂપ અને નકામી ૨૦ કિલો પતંગદોરીનો નાશ કરાયો

## સ્વામી યોગાનંદ ઈકોક્લબના બાળકોની પ્રસંશનીય કામગીર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ઈકો ક્લબ અને ગીર ફાઉન્ડેશન દ્વારા 'પક્ષી બચાવો' અભિયાન' પતંગોત્સવ દરમિયાન ચલાવાય છે. જેનાથી ઘણા બાળકો, યુવાનો અને વડીલોમાં પક્ષી બચાવવા અંગેની જાગૃતિ આવી છે. જેનો તાજો દાખલો ગાંધીનરની સ્વામી યોગાનંદ ઈકો ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણ પછી ૨૦ કિલો પતંગ દોરીની ગૂંચો એકત્રીત કરી તે છે.

મુક્ત હવામાં અને જમીન પર વિહરતા પંખીઓ પતંગોની ઉડાનથી તથા જમીન પરની દોરીની ગૂંચથી ક્યારેક ઘાયલ બની જતા હોય છે. પાક્કી અને કાચવાળી દોરીથી પક્ષીઓના પગ, ગળુ, પાંખ કે શરીર કપાઈ ગયા હોય તેના દાખલા મળ્યા છે.

ગાંધીનગરમાં આવી ઘટનાઓ ન બને અને પક્ષીઓ મુક્ત રીતે જમીન પર તથા ગગનમાં વિહરી શકે, વિચરી શકે તે આશયથી ઈકો ક્લબ અને ગીર ફાઉન્ડેશન દ્વારા પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાય છે. શિબિરમાં બાળકોને નકામી દોરી, પતંગનો કચરો દૂર કરવા, પક્ષી બચાવવા, વીજ બચત, પાણી બચાવ તથા વૃક્ષારોપણ વગેરેની જાગૃતિ અપાય છે. સ્વામી યોગાનંદ શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગીરફાઉન્ડેશન દ્વારા ચાલતી પ્રકૃતિ શિક્ષણ શિબિરનો લાભ લીધો હતો અને ઈકો ક્લબના ઈન્ચાર્જ એ.પી. પટેલ તથા આચાર્યની પ્રેરણાથી શાળા પરિસર અને કોલોની વિસ્તારમાંથી આશરે ૨૦ કિલો જેટલી પતંગદોરી એકત્ર કરી તેનો નાશ કરવાનું પ્રસંશનીય કાર્ય પૂર્ણ કર્યું હતું.

પક્ષીઓ માટે જાળરૂપ બની રહેતી પતંગો અને દોરીને વિદ્યાર્થીઓએ જી.ઈ.બી. કોલોની વિસ્તાર અને શાળા પરિસરમાંથી સમૂહમાં એકત્રીત કરી હતી. પાક્કી દોરી અને ફાટેલા પતંગના કચરાને ભેગો કરતા તે લગભગ ૨૦ કિલો જેટલો થયો હતો. જેનો બાળકોએ નાશ કરી પ્રસંશનીય કામગીરી કરી હતી.



મોબાઈલનાં હેડફોનમાં સાતમા આસમાનનું ગીત સાંભળે છે... આગળ જો ગટરનું ઢાંકણું ખુલ્લું છે.. પતાળામાં પહોંચી જઈશ...!!





શ્રી જે. એમ. ચૌધરી કન્યા સંકુલ તથા શ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી કોલેજ સંકુલના સંયુક્ત ઉપક્રમ છોકરીઓમાં સ્વબચાવ અંગે વિશેષ જાગરૂક્તા કેળવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

## જિલ્લા કક્ષાનો અંધજનોનો ખેલ મહાકુંભ ગુરૂવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ખેલ મહાકુંભ-૨૦૧૩ હેઠળ જિલ્લા કક્ષાના અંધજનોની રમત-ગમતનો ખેલ મહાકુંભ તા. ૨૪ની જાન્યુઆરી સેકટર-૧૬માં પ્લોટ નં. ૧૫૬માં યોજાયેલ છે.

સમારંભના પ્રમુખ કૃષ્ણકાંત જ્હા, તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર, ઉદ્‌ઘાટક, અશોકભાઈ પટેલ (વકીલ) ચેરમેનશ્રી, ગાંધીનગર નાગરિક બેંક, મુખ્ય મહેમાન અશોકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી ગાંધીનગર, છનાભાઈ પી. પંચાલ, પ્રમુખ શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગર, કોદરભાઈ પટેલ, ચેરમેનશ્રી ગાંધીનગર, જિલ્લા સહકારી સંઘ, અતિથિ વિશેષ, કિરણભાઈ પટેલ, સામાજિક કાર્યકર ઉપસ્થિત રહેશે. વિરેનભાઈ જોશી, પ્રમુખ, સર્વિસ એસોસીયેશન ફોર ધી બ્લાઈન્ડ, રહેમાનભાઈ અંસારી, જી.જે. વાછાણી, તારક લુહાર વગેરે જણાવેલ છે.

## મહાદેવ દેસાઈ મહાવિદ્યાલય સાદરા શિબિરમાં ગ્રામોત્થાનની કામગીરીની સમજ



સાદરા, તા. ૨૧

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાનો શિબિર યોજાયેલ છે. ગાંધીકથા નિમિત્તે યોજાયેલ શિબિરમાં વિકાસની અવધારણા - યુવા જાગૃતિ શિબિર રાખવામાં આવ્યો છે. શિબિરનું ઉદ્‌ઘાટન સાદરા ગામ પંચાયતમાં કરવામાં આવ્યું હતું. સરપંચશ્રી તથા ગ્રામજનો હાજર રહ્યાં હતા.

સાદરામાં રંગોળી, ભીંતચિત્રો, વૃક્ષોને રંગ રોગાન, ગ્રામ સફાઈ કરવામાં આવેલ છે. ડૉ. પ્રેમાનંદ મિશ્રા, ઘનશ્યામભઈ રાણા, જલદીપભાઈએ પર્યાવરણવિદ, નરેશભાઈ ઠાકર, અનિલભાઈ પટેલ દ્વારા વિવિધ યોજવાઓની, સામાજિક જાગૃતિની સમજ આપી હતી. આ શિબિર નિમિત્તે આરોગ્ય નિદાન કેમ્પ યોજવામાં આવશે.

શિબિરમાં કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખિમાણીનાં માર્ગદર્શન હેઠળ યોજાયો છે. ડૉ. કનૈયાલાલ નાયકા, પ્રોગ્રામ ઓફિસર, કનુભાઈ વસાવા, વિક્રમસિંહ અમરાવતે જહેમત ઉઠાવેલ છે.

## એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ખાતે આવેલી એકલવ્ય હોસ્ટેલ અને એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ઉત્તરાયણ પર્વને ધ્યાને રાખીને પક્ષી બચાવો અભિયાન રેલી યોજવામાં આવી હતી. જેમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓએ રેલી કાઢી પક્ષીઓને બચાવવા અપીલ કરી હતી.

એકલવ્ય હોસ્ટેલ અને એકલવ્ય એજયુકેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે યોજાયેલ પક્ષી બચાવો રેલીમાં વિદ્યાર્થીઓએ સેકટર-૨૧, સેકટર-૨૨ અને સેકટર-૨૪ના પતંગ બજાર તેમજ શાક માર્કેટ સહિતના સ્થળોએ બાળકોએ રેલી કાઢી પક્ષીઓને બચાવવા અપીલ કરી હતી. બાળકોને ઉત્તરાયણ પર્વમાં પક્ષીઓને કેવી રીતે બચાવી શકાય તે અંગેની જાણકારી સંસ્થાના પ્રમુખ હરેશ સિસારાએ આપી હતી તથા કાર્યક્રમમાં સંસ્થાના સભ્ય અરવિંદ કવાડ, વિનુ સિસારા અને હિતેશ દૂધરેજીયા ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બોર્ડના વિદ્યાર્થીનો તેના મમ્મી-પપ્પાને પત્ર

**સાંપ્રત શિક્ષણ અને પરીક્ષણ**

સંકલન - હાર્દિક હર્ષદભાઈ શાહ

વહાલા મમ્મી-પપ્પા, મારી બોર્ડની પરીક્ષા આગામી માર્ચથી શરૂ થઈ રહી છે તે તો તમે જાણો જ છો. હું અંદરથી એક પ્રકારની ગૂંગળામણ અનુભવું છું, પણ તમને ખાતરી આપું છું કે મારા મનમાં આત્મહત્યાનો વિચાર સુધ્ધાં નથી આવ્યો. તમે જ આપેલાં સંસ્કારને વશ હું સામે કંઇ બોલી નથી શકતો. રૂમમાં કોઇ વખત આંખો ભીની થઇ જાય છે, પણ આજે થોડી મર્યાદાનું ઉલ્લંઘન કરીને આ પત્ર દ્વારા હું હળવો થવા મજબૂર બન્યો છું.

પપ્પા, થોડા દિવસ પહેલા લેવાયેલી શાળાની પરીક્ષામાં મેં ૮૦ ટકા ધાર્યા હતા તેની જગ્યાએ મારા ૭૫ ટકા માર્ક્સ આવ્યા ત્યારે તમે મને માર્ગદર્શન કે હૂંફ આપવાની જગાએ મારા મિત્રોના અને કુટુંબીઓનાં માર્ક્સ પૂછ્યા હતા. જેમના માર્કસ મારા કરતાં વધારે હતા તેના માટે તમે એવું કહ્યું હતું કે 'પ્રાઉડ ફાધર્સ.' જાણે ઘરમાં શોક હોય તેમ આપણે બીજા દિવસે પાડોશીના લગ્નના ભોજન સમારંભમાં જવાનું હતું તે પણ તમે રદ કર્યું હતું. મમ્મીએ તો જાણે મેં કોઇ કલંકિત ગુનો કર્યો હોય તેમ મોં ચઢાવીને જ દિવસ પૂરો કર્યો હતો. મમ્મી, તેં મને મહેણું મારતી હોય તેમ એમ પણ શીખવાડ્યું હતું કે હવે, ૭૫ ટકા લાવ્યો છે તેમ કોઇને ના કહેતો, મેં મારી બહેનપણીઓ અને સગા-સ્નેહીઓને ૮૫ ટકા આવ્યા છે. તેવું જણાવ્યું છે, કેમ કે તે બધાંના સંતાનોનાં ૮૦-૮૨ ટકા આવ્યા છે. આમ પણ વાર્ષિક પરીક્ષામાં તારે ૮૫ ટકાથી વધુ લાવવાના જ છે એટલે આપણે તેમ કહેવામાં વાંધો નથી.

પપ્પા, ખબર નહીં, કેમ તમે અને મમ્મીએ મારી હાજરીમાં જ મારા અભ્યાસ માટે કેટલા હજાર રૂપિયા ખર્ચ કર્યો છે અને હજુ આગામી વર્ષોમાં કેટલી જોગવાઇ કરવાની છે તેની વારંવાર ચર્ચા કરો છો. સાથે સાથે તમારી ઑફિસના સામાન્ય આવક ધરાવતાં સંતાનો ટ્યૂશન કે પાયાની સવલતો વગર કેવા સારા માર્ક્સ લાવે છે તે વાત અચૂક છેડો છો. મને શરૂમાં આવી વાતો વધુ અભ્યાસ માટે પ્રેરીત કરતી હતી પણ હવે મને એવું લાગે છે કે તમારા માટે હું નર્યો આર્થિક બોજ બની ગયો છું. તમને તમારા રોકાણનું કંઇ વળતર ના મળતું હોય તેનો હિસાબ-કિતાબ મારી હાજરીમાં જ માંડો છો. મારા ભગ્ન હૃદય અને દુઃખનું કારણ એ છે કે હું તમને બંનેને અતિશય ચાહું છું. તમને ખુશ જોવા માગું છું, પણ તમે મારા કારણે જ ઉદાસ અને ચિંતિત રહો છો. તમારા એકબીજા વચ્ચેનાં સંબંધોમાં પણ મારા કારણે જ તનાવમાં રહો છો નહીં? આઇ ઍમ સૉરી... પપ્પા... આઇ ઍમ સૉરી મમ્મી... પણ હું તમને એક વાતની ખાતરી આપું છું કે આજે નહીં તો ભવિષ્યમાં હું તમને ગૌરવ થાય તેમ સ્વમાનભેર જીવીને બતાવીશ. પપ્પા, તમે તો જાણો છો કે મને ઈતર વાચન, પ્રવૃત્તિમાં શોખ છે. મેં જે કંઇ પ્રેરણાત્મક મેળવ્યું છે તેના આધારે તમને બંનેને આ પત્રના માધ્યમથી કેટલાક પ્રશ્નો પૂછી શકું?

(૧) શું પ્રત્યેક વિદ્યાર્થી / વ્યક્તિની જન્મજાત એકાગ્રતા કેળવવાની, ગ્રહણ કરવાની કે અમુક જ વિષય પ્રવૃત્તિમાં રસ રૂચિ હોય તેવી કુદરતી મર્યાદા ના હોઈ શકે? મારા તો હજુ પણ ૭૫-૮૦ ટકા માર્ક્સ આવે છે. પણ અથાગ પ્રયત્ન અને ઈચ્છા હોવા છતાં ૫૦ ટકા જેટલું જ કોઈ વિદ્યાર્થી માર્ક્સમાં પરિવર્તિત કરી શકે, કદાચ નાપાસ પણ થઈ ના શકે? બધા જ એકસરખા ઉજાગરા કે કોચિંગ કરીને મહેનત કરતા હોવા છતાં માર્ક્સ નથી લાવી શકતા. જો એવું જ હોય તો બધા ડૉકટરો અને આઈઆઈટી, આઈઆઈએમ કે સીએના ડિગ્રીધારીઓ જ આત્મનિરીક્ષણ કરીને આવી કુદરતી મર્યાદાને સમજવી જોઈએ. અભ્યાસમાં નહીં તો બીજા ક્ષેત્રમાં, સાહસમાં આગળ જતાં રસ-રૂચિ જાગશે. પપ્પા, માની લો કે નિષ્ઠાપૂર્વક

**ગુજરાતી મારો પસંદગીનો વિષય હોઈ નિબંધમાં અને વકતૃત્વ સ્પર્ધાનો મારો શોખ આ પત્ર લખતી વખતે કામે લગાડ્યો છ, તમારી લાગણી દુભાઈ હોય તો માફ કરજો, પણ હું તમારા કે સમાજના મનોરોગની સામે શરણે થવાનો નથી, પૂરી નિષ્ઠાથી મહેનત કરીશ. સારા માર્કસ આવે તો ગમશે... બાકી મંઝિલે ઔર ભી હૈ...**

પ્રયત્ન કરવા છતાં કોઈ ઑફિસમાં કલાર્ક પણ બનું કે કોઈ પણ નાના કાર્યોમાં તક ઝડપી આગળ આવું તો તે મર્યાદાને પણ સ્વીકારવી જ રહી.

(૨) બે-ચાર વર્ષ પહેલાં જેઓ મારા કરતાં પણ હોંશિયાર હતા તે મિત્રો આજે રખડતા થઈ ગયા છે. મોટર સાઈકલ લઈને છોકરીઓ જોડે રખડે છે. ગુટખાના પાઉચો મોંમાં ઠાલવે છે. મોબાઈલ નંબર પર કલાકો વીતાવે છે. આવી રીતે વિદ્યાર્થીકાળ હું વેડફતો નથી. મમ્મી, તમે બહાર આવીને તો જુઓ. આજકાલની છોકરા-છોકરીઓની દુનિયા જોઈને તમે અકલ્પ્ય આઘાત અનુભવો. ઘણું ખરૂં તો તમે જાણો પણ છો. મારા મિત્રો રાત્રે ૧૧-૧૨ વાગે દિવસ આખો રખડીને ઘરભેગા થયા છે. તેઓની મોજમસ્તીની વાતો સાંભળીને કોઈવાર મને પણ તેના ગૃપમાં ભળી જવાનું મન થાય છે. તમે બંને (મમ્મી-પપ્પા)એ વર્ષ દરમિયાન જે હદે મારી જોડે માનસિક સિતમ ગુજાર્યો છે તેમાંથા બહાર નીકળવા અને એક પ્રકારનું બંડ પોકારવાની મને પણ ઈચ્છા થતી હતી. પણ, તમારા પ્રત્યેની લાગણીએ મને ઉગારી લીધો છે. આમ છતાં એટલું કહીશ કે મમ્મી, તમે કયારેય હું મારા ઘણા મિત્રો જેવો રખડુ અને ઐયાશી નથી તે બદલ મને પ્રોત્સાહિત કરતા પપ્પા જોડે બેસીને મારી પ્રશંસા કરી છે ખરી? તમે તે બદલ મારા પ્રત્યે ગૌરવ વ્યકત કર્યું છે?

(૩) હું જે પણ માર્ક લાવું છું તે સાથે જ તમે બંને તરત જ મેળવેલા માર્કની ખુશીની સહેજ પણ લહેરખી બતાવ્યા વગર સીધઆ પાંચ ટકાનો ટાર્ગેટ વધારીને કહો છો કે હજુ તારી ક્ષમતાને વધાર. જે માર્ક કપાયા છે તેવું કેમ બન્યું? તમારો દબાણ વધારવાનો તરીકો પણ ચાલાકીભર્યો હોય છે. તમે લાડ લડાવવાના ટોનમાં જે મહેણાં મારવાનાં હોય છે તે સંભળાવી દેતા હો છો.

(૪) તમે પૂરી નિષ્ઠાથી પ્રેરણા, માર્ગદર્શન કે ઈવન ઠપકો પણ આપી શકો છો, પણ તેમાં સહજતા અને માનવીય મર્યાદાઓને સ્વીકારવાની અનુકંપા પણ રાખશો. અમારા અભ્યાસક્રમની તુલના તમારા જમાનાના શિક્ષણ સાથે ના કરશો.

તમારી તમામ શિખામણોમાં વર્તમાન અભ્યાસક્રમનું ભારણ, અપેક્ષાઓનો બોજ, હરીફાઈ અને પડકારોનો નિર્દયતાથી છેદ જ ઉડાવી દેવાય છે. અમે જાણે સમાજનું કલંક હોઈએ તે રીતનો વ્યવહાર થાય છે.

(૫) પપ્પા, મારૂં એટલું નિરીક્ષણ છે કે જેઓને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દરમિયાન અભ્યાસની મહત્તા, રસ અને રૂચિ નથી હોતી તેઓને અમુક અપવાદોને બાદ કરતાં અચાનક ૧૦માં કે ૧૨માં ૮૦ - ૮૦ ટકા ક્યાંથી આવી શકે? મારા જે મિત્રો ધોરણ ૧ થી ૯ માં સરેરાશ ૬૦ - ૬૫ ટકા માંડ લાવતાં હોય ત્યાં સુધી તેના કુટુંબ અને સમાજને કોઈ વાંધઓ નથી હોતો. તેમનાં મમ્મી-પપ્પાએ ક્યારેય આટલાં વર્ષોથી અભ્યાસની મહત્તા નથી સમજાવી. તેઓએ ક્યારેય તેમના સંતાનો જોડે સંવાદ નહોતો કેળવ્યો. તેઓ એમ જ માનતા હોય છે કે સગવડો અને વધુમાં વધુ રૂપિયા ખર્ચવાથી જે તેમની જવાબદારી પૂરી થઈ જાય છે. હું એટલો નસીબદાર છું કે તમોએ પ્રાથમિક શિક્ષણથી જ મારી જે પણ પ્રતિભા હતી તેને બહાર લાવવા અંગત સમય આપ્યો હતો, પણ મારા એવા ઘણા મિત્રો છે જેઓ પર રાતોરાત ૮૦ - ૯૦ ટકા લાવવાનું દબાણ છે. રોજે રોજ તેમના પર માનસિક અત્યાચાર, માનહાનિ થાય તેવું વર્તન કરવામાં આવે છે.

(૬) પપ્પા, તમે પણ ઉકેલ આપવા કરતાં સમસ્યાઓ અને ફરિયાદો વધુ કરો છો. આપણે વાતચીત કરવા કરતાં આરોપ અને ખુલાસા વધુ કરીએ છીએ.

(૭) તમે જ કહો, તમને ડાયાબીટીસ ઘણું જ રહે છે. મમ્મીનું તો વજન કેટલી હદે વધી ગયું છે કે ડૉકટરે ખાવા-પીવામાં, જીભ પરનો સંયમ, નિયમિત ચાલવાની કડક સૂચના આપી છે. તમને પણ આ બધું કરવું કેટલું પડકારજનક લાગે છે. સંયમ અને નિયમિતતાની કસોટી થાય છે. રોજ વહેલા ઉઠવાની સલાહ અવગણવી પડે છે. મને તમારા પ્રત્યે સહાનુભૂતિ છે. તેવી જ રીતે અમને પણ રોજરોજ શિક્ષણના બોજને નિયમિત રીતે ઝીલતા દરેક કિસ્સામાં હોંશ ના પણ કેળવાઈ શકીએ. આખરે તો પ્રશ્ન શિસ્ત અને સમજનો જ છે ને!

(૮) મહદ્‌અંશે એવું જોઉં છું કે જે પણ વિદ્યાર્થીને પોતાની જાતે અંદરથી જ વધુ સારા માર્કસ કે કારકિર્દીનું ઘડતર કરવાની પ્રબળ હોંશ હોય તે ઝળકી શકતો હોય છે. નબળા કે મધ્યમ વિદ્યાર્થીને પ્રેરણા આપી શકાય. વાતાવરણ અને ટેકો પૂરો પાડી શકાય. બહુ તો કડકાઈથી તેને પુસ્તકો સાથે રાખી રાત્રિ ઉજાગરો કરાવી શકાય, પણ આ તો ઘોડાને તળાવ સુધી લઈ જવાની વાત થઈ. પાણી તો જાતે જ પીવું પડે. વિદ્યાર્થી જે અભ્યાસ કરતો હોય તેના વિષય કે પ્રકરણમાં તેને પાયાની ખબર ના હોય તો ઈમારત વખતે મગજ ભમવા જ માંડે ને. આવી સ્થિતિ વચ્ચે બધાની બોર્ડ વખતે જ વાલીઓ અને સમાજ તેને જોરદાર માર્કસ લાવવાની રેસમાં મૂકી દે છે. ઠપકો અને અવહેલનાનો દોર શરૂ થઈ જાય છે.

(૯) મમ્મી... એક બીજી વાત યાદ આવી. પ્રત્યેક વર્ષે બોર્ડનું પરિણામ આવે ત્યારે ૧૦મા કે ૧૨મા માં કોણ છે તે જાણીને તેનાં પરિણામ બાદ કયા વિદ્યાર્થીએ તેના વાલી કે જ્ઞાતિને ગૌરવ અપાવ્યું અને કોણે નિરાશ કર્યા તેમ આબરૂનું બજાર ખડું કરી દેવાય છે. સંતાનોને ખભે બંદૂક ફોડવામાં આવે છે. આ પરિણામ જ જાણે તેના જીવનની આખરી કુંડળી ના ઘડવાનું હોય છે? મમ્મી... તમે કે સમાજને પછીનાં વર્ષો આ જ વિદ્યાર્થીઓ ક્યાં અને કેવા અભ્યાસ કરે છે તે જાણવાની પણ પરવા છે ખરી? પપ્પાના મિત્રે બોર્ડમાં ૬૬ ટકા મેળવ્યા હતા તે ડૉકટર તો નથી બની શક્યા. પણ તેનામાં પડેલી સાહસ વૃત્તિ અને સૂઝને સહારે એક હૉસ્પિટલને જ ત્રણેક મિત્રોએ સાથે મળીને બનાવી છે. જી... હા, તેઓ ડૉકટરોને નોકરીએ રાખે છે... ૯૪ ટકા મેળવી ચૂકેલા બોર્ડના વિદ્યાર્થીઓને!

૫૫ ટકા મેળવનારા મારા મિત્રના મોટાભાઈને ગ્રાફિક ડિઝાઈનમાં એ હદે રસ છે કે તેમાં આગળ ડિગ્રી મેળવીને તેમણે એક ઑફિસ જ ખોલી છે. તેના હાથ નીચે બોર્ડના ૮૨ ટકા મેળવેલા એન્જિનિયરો નોકરી કરે છે. કુંદનબહેનના પુત્રે ૫૨ ટકા મેળવ્યા ત્યારે બધાએ તેની ઠેકડી ઉડાવી હતી પણ પપ્પા... તમને ખબર છે, આજે એ શુ કરે છે? તેણે માર્કેટિંગમાં રસ કેળવ્યો. લંડનમાં જઈને આ ક્ષેત્રમાં તે આગળ છે. મહિને ૫૦૦ પાઉન્ડ (રૂા. ૪૦,૦૦૦) મોકલે છે.

(૧૦) મમ્મી... હું તો ખરેખર એવું માનું છું કે જો બધા જ જંગી ફી ભરીને ડૉકટરો, ઍન્જિનિયરો, ફાર્મસી કે ઈચ્છે ત્યાં પ્રવેશ લઈ શકે તેવી રીતે બેઠકો વધારાઈ રહી છે ત્યારે સંતાનોમાં જ નહીં તમારામાં પણ આત્મવિશ્વાસ અને સન્માન કેળવાય તે રીતે ગાડરિયા પ્રવાહમાંથી બહાર આવો. મમ્મી... તું તો જાણે છે કે મને પ્રેરણાત્મક વાચનની ટેવ છે. મેં ગઈકાલે જ વાંચ્યું હતું કે, 'કંઈક બનવા કરતાં કંઈક કરવાના' જીવન મંત્ર પર ભાર મૂકો. નાનપણથી ગુજરાતી મારો પસંદગીનો વિષય હોઈ નિબંધમાં અને વકતૃત્વ સ્પર્ધાનો મારો શોખ આ પત્ર લખતી વખતે કામે લગાડ્યો છે. તમારી લાગણી દુભાઈ હોય તો માફ કરજો, પણ હું તમારા કે સમાજના મનોરોગની સામે શરણે થવાનો નથી. પૂરી નિષ્ઠાથી મહેનત કરીશ. સારા માર્કસ આવે તો ગમશે... બાકી મંઝિલે ઔર ભી હૈ...

અમિતાભ બચ્ચને જ હમણાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, 'જો મારું ગમતું થાય તો મને ગમશે. નહીં થાય તો માનીશ કે ઈશ્વરની તેવી ઈચ્છા હશે. હું જાણું છું કે મારા કરતાં ઈશ્વર મારી દરકાર વધુ કરી શકશે. તે જે આપશે તે મને વધુ અનુકૂળ હશે.'

...એ જ તમારો પુત્ર...